eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 143
May 16, 2008

## સ્વાતંત્ર્ય સંગ્રામ કાર્યક્રમ આયોજન સમિતિની કામગીરી

૧૮૫૭ સ્વાતંત્ર્ય સંગ્રામ કાર્યક્રમ આયોજન સમિતિ સુરત –ગુજરાત ધ્વારા સને ૧૮૫૭ થી ૧૯૪૭ સુધી નાં આઝાદીસંગ્રામ નાં વીર ક્રાંન્તીકારીઓને નમન કરવા માટે તા. ૧૦.૫.૦૮ નાં રોજ સાંજના ૬.૫૭ કલાકે ૫૭ સેકન્ડનું મૌન પાળી શહીદોને પ્રણામાંજલિ આપવા તમામ નગરજનોને વિનંતી કરેલ હોઈ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પુર્વઝોન (વરાછા ) અશ્વનીકુમારની દબાણ તેમજ પ્રિમોન્શુન ઓપરેશન  હેલ્થકેર કામગીરી

(૧) પુર્વઝોન (વરાછા ) અશ્વનીકુમાર વિસ્તારમાં દૂર કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ
(૨)  પૂર્વઝોન (વરાછા)માં આરોગ્ય ખાતા ધ્વારા સંસ્થાઓ, ખાણીપીણીની લારીઓ, હોટલ/રેસ્ટોરન્ટ, શેરડીના  કોલા, પાનના ગલ્લા , ખાદ્ય પદાર્થ વેચતા ફેરિયાઆનું સઘન ચેકીંગ બાબતે

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ વેસ્ટ ઝોન(અઠવા)ના આરોગ્ય વિભાગ ધ્વારા પ્રિમોનસુન ની કામગીરી

મ્યુ.કમિશનરશ્રીના આદેશનુસાર તથા સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન સંલગ્ન આરોગ્ય વિભાગ ધ્વારા સખત અસરકારક કામગીરીના ભાગરૂપે ડે. કમિશનરશ્રી પ્રદિપસિંહ ઝાલાની સુચના મુજબ તા.૦૨/૦૫/૦૮ ના રોજ પ્રિમોનસુન કામગીરીના  ભાગરૂપે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ની કામગીરી

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં આવેલ સંજયનગર, લિંબાયત પ્રાથમિક શાળા ક્રમાંક ૨૪૪/૧૦૬ માં બાળ મેળાનું  આયોજન તા.૦૩/૦૫/૨૦૦૮ ના રોજ સવા ૯.૦૦ થી૧.૦૦ કલાક સુધી રાખવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## પશ્ચિમ ઝોન(રાંદેર) ની કામગીરી

સુરત શહેરના પશ્ચિમ ઝોન(રાંદેર) માં તાપી કાંઠાના પાળા યોજના નાં બાંધકામમાં નડતરરૂપ તાપી કાંઠા વિસ્તારના ઝુંપડાઓનો બાયોમેટ્રીકસ પધ્ધતિથી સર્વે કરવામમાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## પશ્ચિમ ઝોન(રાંદેર) ની કામગીરી

સુરત મહાનગરપાલિકા પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તામાં આવેલ ટી.પી. સ્કીમ નં.૩૧ (અડાજણ) માં આવેલ કવિ કલાપી ઉદ્યાનથી આગળ ૧૨૦ ફુટના ટી.પી. રસ્તા તરફ જતાં વચ્ચે આવેલ મેરૂલક્ષ્મી સોસાયટીના ઓટલાવાળો ભાગ તથા તેની આગળ આવેલ કાચા પાકા મકાનોનો કેટલોક ભાગ ૧૨.૦ મી. ના ટી.પી. રસ્તા હેઠળ આવતો હોવાથી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) ની કામગીરી

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં તા.૦૭/૦૫/૨૦૦૮ બુધવારે રાખવામાં આવેલી સફાઈ ઝુંબેશ વોર્ડ ઉમરવાડા–૧ વિસ્તારમાં ભાઠેના –૧૮૧, દરગાહ રોડ, કબ્રસ્તાન રોડ, આંતરિક ગલીઓ, ભાઠેના –૧૮૪ મંદિર રોડ તથા લાગુ ગલીઓ, ૮૦ ફુટ રોડ કિન્નરીથી આપેશ્વર વિગેરે વિસ્તારમાં રાખવામાં આવેલી હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## સ્મીમેર હોસ્પીટલ ની કામગીરી

માહે એપ્રિલ ૨૦૦૮–૦૯ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ  ઈસ્ટ ઝોન (લિંબાયત) ની પ્રિ–મોન્સુન કામગીરી

સુરત મહાનગરપાલિકા  સમાવિષ્ટ વિસ્તારોમાં આગામી ચોમાસાની ઋતુ દરમ્યાન મચ્છરજન્ય રોગચારા પરિસ્થિતી નિયંત્રણ હેઠળ રહે તે મુજબ સઘન ઝુંબેશ રૂપે કાર્યવાહી કરવા મે. કમિશનરશ્રીનાં આદેશનુસાર અત્રેના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) હેઠળના વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા રોજે રોજ કરવા જોગ ખાતાકીય કામગીરી કરવા ઉપરાંત આજરોજ તા.૯/૫/૨૦૦૮ નાં રોજ ગોડાદરા સ્થિત મહારાણા પ્રતાપ નગર સોસાયટીનાં રહીશોને અવાર–નવાર નોટિસ આપવા છતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ડિમોલીશનની કામગીરી

મોજે ડિંડોલી, બ્લોક નં. ૫૧૬, રે.સ.નં. ૩૪૧/૨, ૩૪૧/૩, સાંઈનગર સોસાયટીમાં સબ પ્લોટ નં. ૩૨૪ થી ૩૩૪ અને ૩૧૩, ૩૧૪માં મિલકતદારો ધ્વારા કરવામાં આવેલ  ગેરકાયદેસર બાંધકામ અંગે અત્રેના શહેર વિકાસ ખાતા ધ્વારા સ્થળ તપાસ કરી ઘી.બી.પી. એમ.સી. એકટ મુજબની નોટીસ આપવામાં આવેલ તેમ છતાં મિલ્કતદારો એ નોટીસની અવગણા કરી સદરહું મિલ્કતમાં ગેરકાયદેસર બાધંકામ ચાલુ રાખતાં ...

વધુ માટે કલીક કરો >>>>>>

## હાઈડ્રોલિક વિભાગ  ની કાર્યવાહી

હાઈડ્રોલિક  વિભાગ ધ્વારા પાંડેસરા   ખાતે આવેલ ઔદ્યોગિક  એકમો (ડાઈગ /પ્રિન્ટીંગ મિલો) ને વોટર મીટરથી પાણી પૂરવઠો પૂરો પાડવામાં આવે છે. જેના નીચે દર્શાવેલ કેટલાંક એકમોનાં વોટર મીટર ચાર્જના બાકી લેણાની કુલ રૂા. ૮,૭૨,૯૪૦/– તા. ૧૩/૫૫/૦૮ ના રોજ આખરી નોટિસ  આપી વસૂલાત કરવામાં આવી હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) ની કામગીરી

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં તા.૧૪/૦૫/૨૦૦૮ બુધવારે  રાખવામાં આવેલી સફાઈ ઝુંબેશ વોર્ડ ઉમરવાડા–૨  વિસ્તામાં રાઠી માર્કેટથી હેલ્થસેન્ટર સુધી, હળપતિવાસ, ઈસ્લામપુરા, ભઈધઈકઈ કવાટર્સનો સમગ્ર વિસ્તાર, આંતરીક પેસેજ, ખાડી કિનારાનો વિસ્તાર, ડી–ટેનામેન્ટો સમગ્ર વિસ્તાર, લો–કોલોની વિગેરે વિસ્તારમાં રાખવામાં આવેલ હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## સ્વાતંત્ર્ય સંગ્રામ કાર્યક્રમ આયોજન સમિતિની કામગીરી

૧૮૫૭ સ્વાતંત્ર્ય સંગ્રામ કાર્યક્રમ આયોજન સમિતિ સુરત –ગુજરાત ધ્વારા સને ૧૮૫૭ થી ૧૯૪૭ સુધી નાં આઝાદીસંગ્રામ નાં વીર ક્રાંન્તીકારીઓને નમન કરવા માટે તા. ૧૦.૫.૦૮ નાં રોજ સાંજના ૬.૫૭ કલાકે ૫૭ સેકન્ડનું મૌન પાળી શહીદોને પ્રણામાંજલિ આપવા તમામ નગરજનોને વિનંતી કરેલ હોઈ, આ પ્રસંગે સુરત મહાનગરપાલિકા તરફથી ૬.૫૬ મીનીટે અને ૩૦ સેકન્ડે તમામ સાયરનો ૩૦ સેકન્ડ માટે સળંગ વગાડવામાં આવશે. ત્યારબાદ ૬.૫૭ કલાકે સાંજે ૫૭ સેકન્ડનું મૌન પાળવામાં આવશે અને મૌનનો સમય પુર્ણ થયેથી ૬.૫૭ મીનીટ અને ૫૭ સેકન્ડે ફરીથી જાણ માટે ૩૦ સેકન્ડ માટે સાયરન વગાડવામાં આવેલ.

TOP

# પુર્વઝોન (વરાછા ) અશ્વનીકુમારની દબાણ તેમજ પ્રિમોન્શુન ઓપરેશન હેલ્થકેર કામગીરી

**(૧) પુર્વઝોન (વરાછા ) અશ્વનીકુમાર વિસ્તારમાં દૂર કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ.**

ટી.પી. સ્કીમ નં.૪ (અશ્વનીકુમાર–નવાગામ) ફા.પ્લોટ નં.૫૭ પૈકી (ઘનામલ પાછળ, સુરત નાગરિક સહકારી બેંક, વરાછારોડ, સુરત) વાળી મિલકતમાં પરવાનગી વગર કોમર્શીયલ હેતુ માટે આર.સી.સી. બાંધકામ શરૂ થતાં અત્રેથી મનાઈ હુકમ તથા કારણદર્શક નોટિશ આપવામાં આવેલ જેની મિલકતદાર ધ્વારા અવગણા કરી સ્થળ ઉપર બાંધકામ ચાલુ રહેતા અત્રેથી એન્ટ્રી નોટિસ આપી સદર આશરે ૩૩૭૫ ચો.ફૂટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી.બાંધકામ દુર કરવાની કામગીરી ચાલુ કરવામાં આવેલ. તે દરમ્યાન મિલકતદારશ્રી એ લેખિતમાં જાતે તમામ ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની અત્રેથી સંમતિ આપતાં કામગીરી બંધ કરવામાં આવેલ. સદર મિલકતના માલિકશ્રી ધરમશીભાઈ કે. પટેલ હોવાનું જાણવા મળેલ.

**(૨) પૂર્વઝોન (વરાછા)માં આરોગ્ય ખાતા ધ્વારા સંસ્થાઓ, ખાણીપીણીની લારીઓ, હોટલ/રેસ્ટોરન્ટ, શેરડીના કોલા, પાનના ગલ્લા , ખાદ્ય પદાર્થ વેચતા ફેરિયાઆનું સઘન ચેકીંગ બાબતે.**

નિર્મલ ગુજરાત –નિર્મળ સુરત તથા સ્વસ્થ ગુજરાત–સ્વસ્થ સુરત વર્ષ –૨૦૦૮ અન્વયે પ્રિમોન્શુન ઓપરેશન હેલ્થકેર કામગીરી અન્વયે પૂર્વઝોન (વરાછા) ના ઝોનલ ચીફશ્રીના માર્ગદર્શન હેઠળ વિવિધ વોર્ડ વિસ્તારમાં આરોગ્ય ખાતાના સ્ટાફ મારફતે ભરતનગર, જગદીશનગર, કોહીનુર–સવાણી રોડ, વરાછા મેઈન રોડ, લંબેહનુમાન રોડ, માતાવાડી, ખોડીયારનગર, એ.પી.એમ.સી.માર્કેટ રોડ, હાઈ ટેન્શન રોડ, વિસ્તારોમાં સ્કવોર્ડની કામગીરી અંતર્ગત કુલ–૧૭૦ સંસ્થાઓ/ઈસમો–૮૦, ખાણીપીણીની લારીઓ, હોટલ/રેસ્ટોરન્ટ, શેરડીના કોલા, પાનના ગલ્લા, ખાદ્ય પદાર્થ વેચતા ફેરીયાઓનું સઘન ચેકીંગ કરી આરોગ્યલક્ષી ખામીઓ બાબતે કુલ–૩૫૦ કિ.ગ્રા. જેટલો અખાદ્ય પદાર્થ નાશ કરવામાંઆવ્યો તેમજ ૧૦ કિ.ગા. જેટલું પ્રતિબંધિત પ્લાસટિક જપ્ત કરી, રૂા.૧૨,૮૦૦ (અંકે રૂપીયા બાર હજાર આઠસો રૂપિયા ) દંડ વસુલાત કરેલ છે. તેમજ સ્થળ પર લોક જાગૃતિ અભિયાનનું આયોજન કરેલ છે.

TOP

## સાઉથ વેસ્ટ ઝોન(અઠવા)ના આરોગ્ય વિભાગ ધ્વારા પ્રિમોનસુન ની કામગીરી

મ્યુ.કમિશનરશ્રીના આદેશનુસાર તથા સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન સંલગ્ન આરોગ્ય વિભાગ ધ્વારા સખત અસરકારક કામગીરીના ભાગરૂપે ડે. કમિશનરશ્રી પ્રદિપસિંહ ઝાલાની સુચના મુજબ તા.૦૨/૦૫/૦૮ ના રોજ પ્રિમોનસુન કામગીરીના ભાગરૂપે આરોગ્ય ખાતાના ચેકીંગ દરમ્યાન અઠવા વોર્ડ સંલગ્ન વિસ્તારમાં ઘોડદોડ રોડ/ભટાર રોડ ખાતે થી રીચી રીચ, પોપ્યુલર, ઓર્ડર ફ્રેશ, મોર્ડન બ્રેડ બનાવતી સંસ્થાઓની મેન્યુફેકચર ડેટ /ચેકીંગ ડેટ જણાવ્યા વગર વેચાણ અર્થે રાખવામાં આવેલ અખાદ્ય બ્રેડ પેકેટ નંગ–૪૨૭ (ચારસો સત્તાવીસ) જથ્થાનો નાશ કરવામાં આવેલ છે અને આ સંસ્થાઓ પાસેથી રૂા.૧૭,૮૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે. તથા આરોગ્ય લક્ષી ત્રુટિઓ સંદર્ભે ચાર સંસ્થાઓને નોટિસ પાઠવી બંધ કરાવવામાં આવેલ.

TOP

# સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ની કામગીરી

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં આવેલ સંજયનગર, લિંબાયત પ્રાથમિક શાળા ક્રમાંક ૨૪૪/૧૦૬ માં બાળ મેળાનું આયોજન તા.૦૩/૦૫/૨૦૦૮ ના રોજ સવા ૯.૦૦ થી૧.૦૦ કલાક સુધી રાખવામાં આવેલ.

બાળ મેળામાં ૦ થી ૧૪ વર્ષના બાળકોને તેમજ સગર્ભા મહિલાઓની તપાસ અને સારવાર સુરત મહાનગરપાલિકા તરફથી મફત આપવામાં આવેલ હતી. આ કેમ્પમાં બાળકોના નિષ્ણાંત ડો. રાજેશ પારેખ તેમજ સ્ત્રી રોગોના નિષ્ણાંત ડો. જશવંત સુથાર, ખાસ ઉપસ્થિત રહી પોતાની સેવા બજાવેલ હતી. મહાનગરપાલિકા તરફથી ડો. બેખુશી તેમજ ડો. સિંદુરીયા ખાસ ઉપસ્થિત રહી બાળ મેળાને સફળ બનાવેલ હતો. આ મેળામાં કુલ–૧૫૩ બાળકો તેમજ ૬૫ સગર્ભા મહિલાઓએ સારવાર નિદાનમાં લાભ લીધેલ હતો.

આ મેળામાં સ્વચ્છતા જાગૃતિ અંગે મુખ્ય આરોગ્ય નિરીક્ષક તથા વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ તરફથી પણ જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ હતું આ મેળામાં મ્યુ. કોર્પોરેટર શ્રી સંજયભાઈ પાટીલ, ડો. વિનોદભાઈ પાટીલ તથા માજી કોર્પોરેટરશ્રી, ડો. રવિન્દ્રભાઈ પાટીલે હાજરી આપી હતી.

સમગ્ર આયોજન ડો. કે.કે. નિગમ તથા મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રી એ.એમ.પટેલે કર્યુ હતું.

TOP

## પશ્ચિમ ઝોન(રાંદેર) ની કામગીરી

સુરત શહેરના પશ્ચિમ ઝોન(રાંદેર) માં તાપી કાંઠાના પાળા યોજના નાં બાંધકામમમાં નડતરરૂપ તાપી કાંઠા વિસ્તારના ઝુંપડાઓનો બાયોમેટ્રીકસ પધ્ધતિથી સર્વે કરવામમમાં આવેલ.

હાલમાં, પાળાનાં બાંધકામમમાં નડતરરૂપ ઝુંપડાઓને કેન્દ્ર સરકારશ્રીની JnNURM તથા રાજય સરકાર અને સુરત મહાનગરપાલિકા સંયુકત આવાસ યોજના હેઠળ આવાસો બાંધવાનું કામ પ્રગતિમાં છે. બાયોમેટ્રીકસ સર્વે માં યોગ્ય પુરાવાઓ રજુ કરાયા બાદ સુભાષનગર ઝુંપડપટ્ટીના ૧૩૮–કુટુંબોને આજરોજ ટી.પી. સ્કીમ નં.૨૩(રાંદેર) ના ફા.પ્લોટ નં. ૫૪ અને ટી.પી. સ્કીમ નં.૩૦(રાંદેર), ફા.પ્લોટ નં. ૧૪૩ ખાતે આવાસ ફલેટો ફાળવણીની કાર્યવાહી પશ્ચિમ ઝોન (રાંદેર) તથા સ્લમ અપગ્રેડેશન સેલ સંયુકત પણે જાહેર ડ્રો કરવામાં આવેલ. આ જાહેર ડ્રો અડાજણ ચોકસીની વાડી ખાતે રાખવામાં આવેલ હતો. તથા જાહેર ડ્રો માં મહાનગરપાલિકા ના પદાધિકારીશ્રીઓ પૈકી વિરોધ પક્ષના નેતાશ્રી, ગટરસમિતિ અધ્યક્ષશ્રી તથા અન્ય વોર્ડના મ્યુ.સદસ્યશ્રીઓ અને મહાનગરપાલિકાના ડે.કમિશનરશ્રી (જનરલ) ના અધ્યક્ષ સ્થાને ઝોનલ ચીફશ્રી, ઝોનલ ઓફીસરશ્રી સહિતનાં અધિકારીઓની હાજરીમાં જાહેરમાં ડ્રો નો કાર્યક્રમ સફળ બનાવવામાં આવેલ અને બાયોમેટ્રીકસ ની નવી પધ્ધતિ થી સૌ પ્રથમ વખત ૧૩૮ કુંટુંબોને આવાસ ફલેટની ફાળવણી મહાનગરપાલિકાની શરતોને આધિન પૂર્ણ કરવામાં આવેલ હતી.

TOP

## પશ્ચિમ ઝોન(રાંદેર) ની કામગીરી

સુરત મહાનગરપાલિકા પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તામાં આવેલ ટી.પી. સ્કીમ નં.૩૧ (અડાજણ) માં આવેલ કવિ કલાપી ઉદ્યાનથી આગળ ૧૨૦ ફુટના ટી.પી. રસ્તા તરફ જતાં વચ્ચે આવેલ મેરૂલક્ષ્મી સોસાયટીના ઓટલાવાળો ભાગ તથા તેની આગળ આવેલ કાચા પાકા મકાનોનો કેટલોક ભાગ ૧૨.૦ મી. ના ટી.પી. રસ્તા હેઠળ આવતો હોવાથી આ રસ્તા ઉપર ડ્રેનેજ લાઈન નાંખવાની કામગીરી અટકી પડેલ. પશ્ચિમ ઝોનના શહેર વિકાસ ખાતા ધ્વારા ઉપરોકત સ્થળે જઈ ટી.પી. રસ્તાની અસર હેઠળ આવતા ઓટલાવાળો ભાગ તથા કાચા પાકા મકાનોનો અંશતઃ ભાગ દુર કરી આશરે ૪૦૦ ફુટ લંબાઈમાં રસ્તો પુરેપુરી પહોળાઈમાં ખુલ્લો કરવામમાં આવેલ છે. તથા કુલ–અશરે ૨૫૦૦ ચો.ફુટ ખુલ્લી જમીનનો કબજો મેળવવામાં આવેલ છે. જેને લીધે આ રસ્તા પર બાકી રહેલ ડ્રેનેજ લાઈન નાંખવાની કામગીરી સરળતાથી પાર પડેલ. તેમજ આ વિસ્તારના રહેશોને તેનો લાભ મળશે.

વધુમાં રાંદેર મુખ્ય માર્ગ ઉપર મોરાભાગળ ચાર રસ્તા જંકશન ઉપર ટી.પી. સ્કીમના ૧૫૦ ફુટ પહોળા રસ્તા મુજબ ડીમાર્કેશનની કામગીરી પૂર્ણ કરતાં આ વિસ્તારના રહીશો ધ્વારા સ્વૈચ્છિક રીતે ડીમોલેશન હાથ ધરી રસ્તો ખુલ્લો કરવાની કામગીરી પ્રગતિમાં છે. આ જંકશન ખુલ્લુ થયેથી રાંદેર મુખ્ય માર્ગને સી.સી. રોડ બનાવવાની કામગીરીમાં નડતરરૂપ ઈન્ફ્રાસ્ટ્રકચર રોડની ધાર ઉપર ખસેડવાની કામગીરી હાથ ધરી શકશે . તેમજ ટ્રાફીક નું સરળતાથી વહન થઈ શકશે.

આ કામગીરી પશ્ચિમ ઝોનના શહેર વિકાસ ખાતા ઝોનલ ચીફશ્રીની સૂચનાથી તેમજ કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવે છે.

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) ની કામગીરી

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં તા.૦૭/૦૫/૨૦૦૮ બુધવારે રાખવામાં આવેલી સફાઈ ઝુંબેશ વોર્ડ ઉમરવાડા–૧ વિસ્તારમાં ભાઠેના –૧૮૧, દરગાહ રોડ, કબ્રસ્તાન રોડ, આંતરિક ગલીઓ, ભાઠેના –૧૮૪ મંદિર રોડ તથા લાગુ ગલીઓ, ૮૦ ફુટ રોડ કિન્નરીથી આપેશ્વર વિગેરે વિસ્તારમાં રાખવામાં આવેલી હતી.

આ ઝુંબેશ કાર્યપાલક ઈજનેરશ્રી તથા નાયબ આરોગ્ય સીધી દેખરેખ હેઠળ આરોગ્ય અને ઈજનેરી વિભાગના મળી કુલ–૧૪ જેટલા સુપરવાઈઝરી સ્ટાફની સીધી દેખરેખ હેઠળ સફાય અભિયાન આદરી ૧૦ ટન કચરાનો નિકાલ કરી જંતુનાશક દવાનો  છંટકાવ કરવામાં આવ્યો. આ કામગીરી દરમ્યાન ગંદકી કરતા ઝડપાયેલા કુલ –૪૨ ઈસમોને નોટીસ આપવામાં આવી, ૫ ઈસમો સામે કોર્ટ કેસ કરવામાં આવ્યા તેમજ રૂા.૬૦૫૦/– નો વહીવટ ખર્ચની વસુલાત કરી ૨ કિલો પ્લાસ્ટીકની થેલી જપ્ત કરી તેમજ ૨૦ કિલો અખાદ્ય પદાર્થનો નાશ કર્યો.

TOP

## સ્મીમેર હોસ્પીટલ ની કામગીરી

માહે એપ્રિલ ૨૦૦૮–૦૯ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.

સ્મીમેર હોસ્પીટલમાં એપ્રિલ માસ દરમ્યાન ૧૦૬૦૬ ઈન્ડોર તથા ૩૫૯૨૧ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૩૪૯ તથા ૪૯૬ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૫૩૮૬ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૩૭૭ અને જુના ૫૧૧ દર્દીઓ સહીત કુલ ૮૮૮ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૮૯૩ દર્દી ઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયાથેરાપી વિભાગમાં કુલ ૮૧૨ તથા આંખ વિભાગમાં ૨૫૩૪ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૯૩૪૭ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) ની પ્રિ–મોન્સુન કામગીરી

સુરત મહાનગરપાલિકા સમાવિષ્ટ વિસ્તારોમાં આગામી ચોમાસાની ઋતુ દરમ્યાન મચ્છરજન્ય રોગચાળા પરિસ્થિતી નિયંત્રણ હેઠળ રહે તે મુજબ સઘન ઝુંબેશ રૂપે કાર્યવાહી કરવા મે. કમિશનરશ્રીનાં આદેશનુસાર અત્રેના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) હેઠળના વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા રોજે રોજ કરવા જોગ ખાતાકીય કામગીરી કરવા ઉપરાંત આજરોજ તા.૯/૫/૨૦૦૮ નાં રોજ ગોડાદરા સ્થિત મહારાણા પ્રતાપ નગર સોસાયટીનાં રહીશોને અવાર–નવાર નોટિસ આપવા છતાં અનાદર કરેલ ૩૬ ઈસમોનાં રહેણાંકની ટાંકી તોડી પાડવાની (દુરસ્ત કરવામાં)કાર્યવહી હાથ ધરવા ઉપરાંત પરવત પાટીયા ખાતે આવેલ વ્રજભૂમિ અને ઋષિવિહાર રેસીડન્સી સહિત કુલ ૫ (પાંચ) બાંધકામને મચ્છરજન્ય પરિસ્થિત ન થાય તે મુજબ કાર્યવાહી કરવા નોટીશ આપવામાં આવેલ છે.

વધુમાં ઉધનાયાર્ડ રેલ્વે કોલોની ખાતેના કર્વાટર્સની રહેણાંકની ટાંકીઓ ખુલ્લી માલુમ પડતા કુલ–૧૪૧ ઈસમોને હવાચુસ્ત ઢાંકણ બનાવવા નોટીશ આપવામાં આવેલ જેનો અનાદર કરેલ માલુમ પડેલ કુલ–૧૫ ઈસમો સામે પ્રોસિક્યુશન (મ્યુ.કોર્ટમાં) કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. આગામી દિવસોમાં આવા પ્રકારની કાર્યવાહી વધુ વેગવંતી હાથ ધરવામાં આવેલ.

આથી જાહેર જનતાની આરોગ્ય સુખાકારી જળવાઈ રહે તે મુજબ તમારા ઘરે આવતા આરોગ્ય વિભાગ કર્મચારીને સહકાર આપી તેઓની સુચના મુજબ અમલવારી કરવા જાહેર જનતાને અનુરોધ કરવામાં આવે છે.

TOP

## ડિમોલીશનની કામગીરી

મોજે ડિંડોલી, બ્લોક નં. ૫૧૬, રે.સ.નં. ૩૪૧/૨, ૩૪૧/૩, સાંઈનગર સોસાયટીમાં સબ પ્લોટ નં. ૩૨૪ થી ૩૩૪ અને ૩૧૩, ૩૧૪માં મિલકતદારો ધ્વારા કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ અંગે અત્રેના શહેર વિકાસ ખાતા ધ્વારા સ્થળ તપાસ કરી ઘી.બી.પી. એમ.સી. એકટ મુજબની નોટીસ આપવામાં આવેલ તેમ છતાં મિલ્કતદારો એ નોટીસની અવગણા કરી સદરહું મિલ્કતમાં ગેરકાયદેસર બાધંકામ ચાલુ રાખતાં આજરોજ તા.૧૩/૫/૦૮ નાં રોજ અત્રેના દબાણ ખાતાની મદદથી કાયદેસરની કાર્યવાહી કરી ડિમોલીશનની કામગીરી કરી આશરે ૪૦૦૦ ચોરસ ફૂટ ક્ષેત્રફળનું બાંધકામ દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. કામગીરી દરમ્યાન લાગુ આજુ–બાજુનાં પ્લોટોના બાંધકામને સ્ટ્રકચર સ્ટેબીલીટીની દ્રષ્ટિએ નુકશાન ન થાય તે હેતુંથી મિલ્કતદારોએ બાકીનું ગેરકાયદેસર બાંધકામ દૂર કરવાની બાહેધરી આપેલ તથા મિલ્કતદારો પાસેથી રૂા.૨૫૦૦૦/– ડીમોલીશન ડીપોઝીટ તથા રૂા. ૨૫૦૦૦/– ડીમોલીશન ચાર્જ તરીકે વસુલ લેવામાં આવેલ છે.

TOP

## હાઈડ્રોલિક વિભાગ ની કાર્યવાહી

હાઈડ્રોલિક વિભાગ ધ્વારા પાંડેસરા ખાતે આવેલ ઔદ્યોગિક એકમો (ડાઈંગ /પ્રિન્ટીંગ મિલો) ને વોટર મીટરથી પાણી પૂરવઠો પૂરો પાડવામાં આવે છે. જેના નીચે દર્શાવેલ કેટલાંક એકમોનાં વોટર મીટર ચાર્જના બાકી લેણાની કુલ રૂા. ૮,૭૨,૯૪૦/– તા. ૧૩/૫૫/૦૮ ના રોજ આખરી નોટિસ આપી વસૂલાત કરવામાં આવી હતી.

| | |
|---|---|
| (૧) આંચલ પ્રિન્ટસ (૨'') | રૂા.૬૬,૫૫૦/– |
| (૨) આંચલ પ્રિન્ટસ (૩'') | રૂા.૧,૯૨,૬૧૬/– |
| (૩) ગૃપ્તા ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગ | રૂા.૧,૭૯,૨૭૮/– |
| (૪) વેલનોન સિલ્ક મિલ્સ | રૂા.૩,૨૨,૯૩૨/– |
| (૫) ભગવતી સિલ્ક મિલ્સ | રૂા.૧,૧૧,૫૬૪/– |
| કુલ | રૂા.૮,૭૨,૯૪૦/– |

ઉપરોકત એકમો સિવાય અન્ય એકમોની બાકી નીકળતી વસુલાત અંગેની કાર્યવાહી ચાલુ છે.

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) ની કામગીરી

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં તા.૧૪/૦૫/૨૦૦૮ બુધવારે રાખવામાં આવેલી સફાઈ ઝુંબેશ વોર્ડ ઉમરવાડા–૨ વિસ્તામાં રાઠી માર્કેટથી હેલ્થસેન્ટર સુધી, હળપતિવાસ, ઈસ્લામપુરા, ભઈધઈકઈ કવાટર્સનો સમગ્ર વિસ્તાર, આંતરીક પેસેજ, ખાડી કિનારાનો વિસ્તાર, ડી–ટેનામેન્ટો સમગ્ર વિસ્તાર, લો–કોલોની વિગેરે વિસ્તારમાં રાખવામાં આવેલ હતી.

આ ઝુંબેશ કાર્યપાલક ઈજનેરશ્રી તથા નાયબ આરોગ્ય અધિકારીની સીધી દેખરેખ હેઠળ સફાઈ અભિયાન આદરી ૦૭ ટન કચરાનો નિકાલ કરી જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો. આ કામગીરી દરમ્યાન ગંદકી કરતા ઝડપાયેલા કુલ–૨૦ ઈસમોને નોટીસ આપવામાં આવી, ૧૦ ઈસમો સામે કોર્ટ કેસ કરવામાં આવ્યા તેમજ રૂા.૮૦૦૦/– નો વહીવટી ખર્ચની વસુલાત કરી ૦૩ કિલો પ્લાસ્ટીકની થેલી જપ્ત કરી તેમજ ૨૦ કિલો અખાદ્ય પદાર્થનો નાશ કર્યો.

TOP